**IT-ITes પોલીસી હેઠળ ચૂકવવાની બાકી સબસીડી**

***15/4/637 : શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારે ૨૦૧૯માં જાહેર કરેલ IT-ITes પોલિસી હેઠળ આઈટી સેકટરના ઉદ્યોગોને કેવા પ્રકારની સબસીડી આપવાની જોગવાઈ છે, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારે ૨૦૧૯માં જાહેર કરેલ IT-ITes પોલિસી હેઠળ આઇટી સેક્ટરના ઉદ્યોગોને કેપિટલ સબસિડી, સ્ટેમ્પ ડ્યૂટી અને રજીસ્ટ્રેશન ફીમાં સહાય, પાવર ટેરીફ સબસીડી અને વીજળી ડ્યુટી પર સહાય, લોનના વ્યાજ પર સબસીડી, લીઝ ભાડા પર સબસીડી, EPF માં યોગદાન દ્વારા રોજગાર નિર્માણ માટે પ્રોત્સાહન, પેટન્ટ માટે સહાય, કૌશલ્યવૃદ્ધિ માટે સહાય વગેર પ્રકારની સબસીડી આપવાની જોગવાઇ છે. |
| (૨) | ઉકત સ્થિતિએ ઉકત કેટલી રકમની સબસીડી કેટલા ઉદ્યોગોને આપવાની બાકી છે, અને | (૨) | ઉક્ત સ્થિતિએ અંદાજિત ૧ કરોડ રકમની સબસીડી કુલ ૭ (સાત) ઉદ્યોગોને આપવાની બાકી છે. |
| (3) | ઉકત સબસીડી આપવાના બાકી હોવાના કારણો શા છે અને તે કયાં સુધીમાં આપવામાં આવશે? | (3) | ઉક્ત ૭ (સાત) ઉદ્યોગો પાસેથી જરૂરી આધાર પુરાવા માંગેલ છે જે મળ્યેથી ચકાસણી કર્યા બાદ સક્ષમ કક્ષાએથી મંજૂરી મળ્યા બાદ સત્વરે સહાય ચૂકવવામાં આવશે. |

***************************